# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યમાં ભારે વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત રસ્તાઓના માઈનોર પેચવર્કની ૫૧ ટકા, મેજર પેચવર્કની ૪૦ ટકા સમારકામની કામગીરી પૂર્ણ.**
2. **સુરતમાં 156 અરજદારોની ફરિયાદનું ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ નિરાકરણ લાવવા તંત્રને સૂચના આપી.**
3. **કચ્છમાંથી 58 લાખ રૂપિયાના હેરોઇન સાથે પંજાબના બે આરોપીઓ ઝડપાયાં.**
4. **રાજ્યમાં વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ - છેલ્લા બાર કલાકમાં 134 તાલુકાઓમાં વરસાદ, સાબરકાંઠા અને અરવલ્લી અને મહિસાગરમાં ઓરેન્જ એલર્ટ જાહેર.**
5. **34મી જૂનીયર બલરામ ક્ષત્રિય મેમોરિયલ ટ્રોફીમાં અમદાવાદે છોટાઉદેપુરને અને સુરતે જામનગરને હરાવ્યું, આજે ચાર મેચો રમાશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# ROAD - BRIDGE REPAIRING

રાજ્યમાં ભારે વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત રસ્તાઓના સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.. જે અંતર્ગત ક્ષતિગ્રસ્ત રસ્તાઓના માઈનોર પેચવર્કની ૫૧ ટકા ,મેજર પેચવર્કની ૪૦ ટકા તેમજ પૂરવાની કામગીરી ૬૨ ટકા પૂર્ણ થઇ ગઇ છે. જ્યારે રાજ્યમાં કુલ ૧૮૩ રસ્તાઓને ડાયવર્ઝન અપાયું છે. રાજયના ૧૫૪ રસ્તાઓનું ક્વોલિટી કંટ્રોલ દ્વારા ઇન્સ્પેક્શન કરાયું છે.

પંચમહાલના ગદુકપુર ગામ પાસેથી પસાર થતી મેસરી નદી પરના ઓવરબ્રિજનું સમારકામ તાત્કાલિક ધોરણે શરૂ કરાયું છે.જિલ્લા કલેક્ટર અજય દહિયાએ જણાવ્યું કે, વહીવટી તંત્ર પ્રજાજનોની સલામતીને પ્રાથમિકતા આપશે અને જરૂરી હોય ત્યાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે.

## બાઈટ અજય દહિયા, કલેક્ટર પંચમહાલ

રાજકોટના પડધરી તાલુકાનાં જુદા-જુદા ગામને જોડતા ૧૬ કિલોમીટર લાંબા રસ્તાનું સમારકામ કરી માર્ગને પૂર્વવત કરાયો હતો.અમદાવાદ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૧૮ જેટલા બ્રિજનું નિરીક્ષણ કરાયું કરાયું.ધોળકા તાલુકામાં ભોગાવો નદી પરના બ્રિજમાં ક્ષતિ જણાતાં જૂનો બ્રિજ અવરજવર માટે બંધ કરી, ટ્રાફિકને નવા બ્રિજ પર ડાયવર્ટ કરાયો છે.

સુરતના ઓલપાડમાં ૨૫થી વધુ ગામોના માર્ગો પર તાત્કાલિક મરામતની કામગીરી કરાઇ. અમરેલી જિલ્લાના ૦૮ મેજર અને ૧૪૦ માઈનોર બ્રિજનું નિરીક્ષણ કરાયું હતું. સુરતમાં મેટ્રો ટ્રેન રૂટને સમાંતર આવેલા રોડ રસ્તાઓ પરના ૭ હજાર ૬૧૫ સ્ક્વેર મીટર વિસ્તારમાં પુરાણ અને સમારકામ કરીને ખાડાઓ દૂર કરાયા છે.

દ્વારકાના સુદર્શન બ્રિજ પરના એક ભાગમાં નુકશાન થયુ હોવાના સોશિયલ મીડિયામાં ફરી રહેલા વિડીયોને તંત્રએ ભ્રામક ગણાવી પુલ સુરક્ષિત હોવાનું જણાવ્યું હતું.

---

# HARSH SANGHVI PRASHNONU NIRAKARAN

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરત સર્કિટ હાઉસ ખાતે નાગરિકો સાથે જનસંપર્ક કાર્યક્રમ યોજી 156 જેટલા અરજદારોની રજૂઆતો સાંભળી હતી અને તેમના પ્રશ્નોના સુખદ નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

ગૃહમંત્રી સંઘવીએ સુરત સર્કિટ હાઉસ ખાતે પહોંચીને નાગરિકોને રૂબરૂ મળ્યા હતા. આ જનસંપર્ક કાર્યક્રમમાં સુરતના વિવિધ વિસ્તારોમાંથી આવેલા લોકોએ પોતાની સમસ્યાઓ અને રજૂઆતો રજૂ કરી હતી. આ રજૂઆતોમાં સ્થાનિક પ્રશાસન સંબંધિત મુદ્દાઓ , કાયદો અને વ્યવસ્થા , વિકાસ કાર્યો, અને વ્યક્તિગત સમસ્યાઓ સહિતના વિવિધ વિષયોનો સમાવેશ થતો હતો.

---

# KUTCH DRUGS

કચ્છમાંથી ફરી નશાકારક દ્રવ્યો નો જથ્થો ઝડપાયો છે. ગાંધીધામના રેલવે ઓવરબ્રિજ પાસે 58 લાખના હેરોઈનના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યાં છે. પોલીસે પંજાબના તરનતારનના કુલવીંદરસિંગ હરદેવસિંગ અને લખવીન્દરસિંગ ગુરમાનસિંગની આ જથ્થા સાથે ધરપકડ કરી છે. પોલીસે બંનેની કડક પૂછપરછ હાથ ધરીને હેરોઇનની જથ્થો ક્યાંથી આવ્યો અને કોને પહોંચાડવાનો હતો તેની તપાસ કરીને નશાના વેપારના નેટવર્કની માહિતી મેળવવાનો પોલીસ પ્રયાસ કરી રહી છે.

---

# WEATHER RAIN

રાજ્યના 134 તાલુકામાં ગઇકાલે સાંજે 6થી આજે સવારે 4 વાગ્યા સુધી હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો. સૌથી વધુ બનાસકાંઠાના દાતામાં 3 ઇંચ વરસાદ નોંધાયો. બોટાદના બરવાળામાં 2.72 અને આણંદના ખંભાતમાં અઢી ઇંચ વરસાદ પડ્યો હતો.

ભાવનગર જિલ્લાનો શેત્રુંજી ડેમ ત્રીજી વખત ઓવરફલો થતાં પાલીતાણા અને તળાજા તાલુકાના અસરગ્રસ્ત ગામડાઓને એલર્ટ કરાયા છે. ગઈકાલે રાત્રે ડેમના 20 દરવાજા ખોલવામાં આવ્યા હતા. અમારા ભાવનગરના પ્રતિનીધી જણાવે છે કે ગોહિલવાડ પંથક , ભાવનગર શહેર, ઘોઘા, ગારીયાધાર અને અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો.

દરમ્યાન હવામાન વિભાગે આજે સાબરકાંઠા , અરવલ્લી અને મહીસાગરમાં છુટા છવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

આગામી 7 દિવસ ઉત્તર ગુજરાતના પૂર્વ વિસ્તારો , દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદની શક્યતા છે. આગામી 2 દિવસ માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. વધુમાં હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ આ માહિતી આપી

## બાઈટ પ્રદીપ શર્મા

# MULU BERA VRUKSHAROPAN

એક પેડ માં કે નામ કાર્યક્રમ અંતર્ગત મોરબીમાં ત્રણ હજાર 500 જેટલા છોડનું વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

પાંજરાપોળની અંદાજીત એક હજાર 200 વિઘા જેટલી જમીનમાં આ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ. વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત અનેક પર્યાવરણ પ્રેમીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

આ અંગે મંત્રી મુળુભાઈ બેરાએ પ્રતિક્રિયા આપી.

## બાઈટ: મુળુભાઈ બેરા, મંત્રી, વન અને પર્યાવરણ

---

# FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત 34મી જુનીયર બલરામ ક્ષત્રિય મેમોરિયલ ટ્રોફી 2025 અંતર્ગત ટોપ 8 ટીમો વચ્ચે સુપર લીગની મેચ યોજાઇ છે.

ગઇકાલે રમાયેલી પ્રથમ મેચમાં આણંદનો વલસાડ સામે વડોદરાનો ગાંધીનગર સામે અને અમદાવાદે છોટાઉદેપુરને તેમજ સુરતે જામનગર પર વિજય મેળવ્યો હતો. આજે વલસાડ અને ગાંધીનગર વચ્ચે. આણંદ અને વડોદરા વચ્ચે જામનગર અને અમદાવાદ વચ્ચે છોટાઉદેપુર અને સુરત વચ્ચે મેચ રમાશે.

---

# NATIONAL EDUCATION SURVEY

રાષ્ટ્રીય શિક્ષણ સર્વેક્ષણ 2024માં દીવ જિલ્લાએ દેશમાં પાંચમું સ્થાન મેળવ્યું છે. જ્યારે દમણે ટોચના 50 જિલ્લાઓમાં સ્થાન મેળવ્યુ છે.

કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા NCERT અને CBSE ના સહયોગથી ગત વર્ષે 4 ડિસેમ્બરે દેશભરના 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાથ ધરવામાં આવેલ સર્વેમાં ધોરણ 3, 6 અને 9 ના 23 લાખથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કેન્દ્રશાસિત પ્રદેશની 212 શાળાઓના કુલ 5 હજાર 861 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

---

# AMC JAGARAN

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાંકરીયા પરિસર ખાતે ગઇકાલે જયા પાર્વતી વ્રતના જાગરણ નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાંકરીયા પરિસર ખાતે જયા પાર્વતી વ્રતના જાગરણ નિમિત્તે કાંકરીયા પરિસર રાત્રે 03 વાગ્યા સુધી ખુલ્લું રાખી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

જયા પાર્વતીના જાગરણમાં **20,000**થી વધુ વ્રત કરનાર મહિલાઓએ તેમના બાળકો, પરિવાર સાથે કાંકરીયાની મુલાકાત લઇ ગરબા , સાંસ્કૃતિક કાર્યક્રમ અને કાંકરીયાના અન્ય આકર્ષણોનો આનંદ માણ્યો હતો. મોડીરાત સુધી રાસ ગરબાની રમઝટ જામી હતી.

---

# BLOOD DONATION

ગીર સોમનાથના સુત્રાપાડા ખાતે મહાદેવ ખલાસી ગ્રુપ દ્વારા થેલેસેમિયા પીડિત બાળકોના લાભાર્થે 92 રક્તદાતાઓ જોડાયા. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ સુત્રાપાડા મુકામે મહાદેવ ખલાસી એસોસિએશનના ઉપક્રમે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી જિલ્લા શાખાના સહયોગથી થેલેસેમિયા બાળકોના લાભાર્થે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં 92 રક્તદાતાઓએ રક્તદાન એ મહાદાનની પંક્તિને સાર્થક કરવા ઉપસ્થિત રહ્યા હતા..

---

# JUNAGADH ANGDAAN

જૂનાગઢમાં એક જ દિવસે બ્રેઇન ડેડ થયેલી બે મહિલાઓના અંગો અન્ય વ્યક્તિને આપવા માટે પરિવારજનો સહમત થતાં અન્યને નવજીવન મળ્યુ હતું.. જુનાગઢ પોલીસ અને તબીબે જુનાગઢથી રાજકોટ અમદાવાદ સુધી ગ્રીન કેરિ ડોર બનાવી સફળતાપૂર્વક 10 અંગોને પહોંચાડ્યા હતા. આકોલ વાડીના રીટાબેન ચોથાણી અને વિસાવદરના સુંદરબેન ઘોડાનીયા ના બ્રેનડેડ થતા બંને મહિલાઓને જુનાગઢની કે. જે. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બંને મહિલાઓના બે લીવર ચાર કિડની અને ચાર આંખ સહિત દસ અંગોને રાજકોટ અને ત્યારબાદ અમદાવાદ પહોંચાડવાની કામગીરી હાથ ધરાઈ હતી.

---